This Question Paper contains 32 printed pages.

Sl.No. 100557

S/TAT/324(G)/14

(JULY, 2014)

પ્રશ્નપુસ્તિકાનો કોડ **Question Paper Booklet Code**
A

Time : 80 Minutes] ***[Maximum Marks : 100***

સૂચનાઓ **:**

1) આ કસોટીમાં કુલ **100** પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો ગુણ **1** છે.

2) તમામ કસોટીઓ બહુવિકલ્પ પ્રકારની છે. ચાર વિકલ્પોમાંથી એક જ વિકલ્પ સાચો જવાબ છે, જે ધ્યાનપૂર્વક વાંચી જવા અને **OMR Sheet** ઉપર નિયત સ્થળે તમારો ઉત્તર સાચા વિકલ્પની સામેના વર્તુળને ઘટ્ટ **[●]** કરીને નોંધવા વિનંતી છે.

3) પ્રશ્નપત્રના મથાળે જમણી બાજુ ખાનામાં પ્રશ્નપુસ્તિકાનો કોડ લખવામાં આવ્યો છે. ઉમેદવારોએ આ કોડ **OMR Sheet** ઉપર દર્શાવવામાં આવેલી જગ્યાએ ચીવટપૂર્વક આંકડામાં તેમજ વર્તુળને ઘટ્ટ બનાવીને લખવાનો છે.

4) **OMR Sheet** ઉપર લખવામાં આવેલો પ્રશ્નપુસ્તિકાનો કોડ અને પ્રશ્નપત્ર ઉપર લખેલો કોડ સમાન હોય તેની ખાત્રી કરી લેશો. આમાં વિસંગતતા હોય તો ખંડ નિરીક્ષકને તરત જ જાણ કરી **OMR Sheet** અથવા પ્રશ્નપત્ર અથવા બંને બદલી આપવા માટે જણાવશો જેથી બંને સેટ એક જ કોડના થાય.

5) ઉમેદવારે તેને આપવામાં આવેલા પ્રશ્નપુસ્તિકાનો કોડ હાજરીપત્રકમાં નિયત સ્થળે લખવાનો છે.

6) **OMR Sheet** ઉપર વિગતો લખવા માટે તેમજ જવાબો નોંધવા માટે કાળી/ભૂરી બોલપોઇન્ટ પેનનો જ ઉપયોગ કરશો.

7) **OMR Sheet** ઉપર 'વ્હાઇટ ફ્લૂઇડ' કે કરેક્શન શાહીનો ઉપયોગ કરવાની છૂટ નથી.

1) કમ્પ્યૂટર-પ્રોગ્રામ્સ, ડેટા અને પ્રોગ્રામ્સ સંબંધિત દસ્તાવેજના સમૂહને શેનાં તરીકે ઓળખવામાં આવે છે ?

(A) સોફ્ટવેર (B) કોડિંગ

(C) અલ્ગોરિધમ (D) ફ્લો ચાર્ટ

2) કમ્પ્યૂટર ઉપયોગકર્તા કમ્પ્યૂટરને ડેટા અને સૂચનાઓનો જે સેટ આપે છે તેને શેના તરીકે ઓળખાય છે ?

(A) માહિતી (B) ડેટાબેઝ

(C) ઈનપુટ (D) આઉટપુટ

3) એક વખત લખેલા પ્રોગ્રામના કાર્યમાં ફેરફાર કરવા માટે પ્રોગ્રામને બદલી શકાય છે. આ કમ્પ્યૂટરની કઈ લાક્ષણિકતા તરીકે ઓળખાય છે ?

(A) ચોકસાઈ

(B) સ્વયં-સંચાલન

(C) યાંત્રિક અને વારંવાર પુનરાવર્તિત કાર્ય કરવાની ક્ષમતા

(D) પ્રોગ્રામિંગ કરવાની ક્ષમતા

4) નીચેનામાંથી કઈ ડિઝાઈનમાં ગણતરીઓ કરવા માટે એક એરિથમેટિક યુનિટ હતું અને પરિણામ તથા સૂચનાઓનો સંગ્રહ કરવાની તેમાં રચના હતી ?

(A) ડિફરન્સ એન્જિન (B) એનાલિટીક એન્જિન

(C) A અને B બંને (D) એકપણ નહીં

5) નીચેનામાંથી કયા કમ્પ્યૂટરનાં ત્રીજી પેઢીનાં કમ્પ્યૂટરનાં ઉદાહરણ નથી ?

(A) IBM 360 (B) PDP 8

(C) PDP 9 (D) PDP 11

6) કમ્પ્યૂટરમાં એસેમ્બલી લેંગ્વેજ ને કઈ પેઢીની કમ્પ્યૂટર ભાષા ગણવામાં આવે છે ?

(A) પ્રથમ (B) બીજી

(C) ચોથી (D) ત્રીજી

7) નીચેનામાંથી કયા પ્રકારનાં સ્કેનરમાં કમ્પ્યૂટર સ્કેન કરેલા અક્ષરની ઈમેજમાંથી તે અક્ષર ઓળખી શકે છે ?

(A) Scanning Devices (B) Barcode Scanner

(C) A અને B બંને (D) Optical Character Reader

8) UPC નું આખું નામ જણાવો.

(A) Unified Product Coding (B) Universal Planning Coding

(C) Universal Planning Code (D) Universal Product Code

9) નીચેનામાંથી કયું ડિવાઈસ વિઝન (દષ્ટિ) ઈનપુટ રોબોટમાં વપરાય છે ?

(A) Scanning Devices

(B) Speech and Vision Devices

(C) Optical Mark Up Reader

(D) Scanning Vision Devices

10) મેગ્નેટિક ઈન્ક કેરેક્ટર રેકગ્નિશનની ટેક્નોલોજીનો ઉપયોગ ક્યાં થતો જોવા મળે છે ?

(A) રેલ્વે ટિકટ ક્ષેત્રે (B) ઈ-કોમર્સ ક્ષેત્રે

(C) બેન્કિંગ ક્ષેત્રે (D) એમ-કોમર્સ ક્ષેત્રે

11) કમ્પ્યૂટરની મેમરી સંગ્રહ ક્ષમતાનાં માપમાં ______ bytes = 1TB.......

(A) 2^{30} (B) 2^{20}

(C) 2^{40} (D) 2^{10}

12) નીચેનામાંથી ક્યા પ્રકારની મેમરીને કાગળની એક થપ્પી સાથે સરખાવી શકાય છે ?

(A) FIFO (B) FOFI

(C) LIFO (D) LOFI

13) USB પેનડ્રાઈવ, મોબાઈલ ફોનમાં મેમરી કાર્ડ, માઈક્રો SD કાર્ડ વગેરે ઉત્પાદનમાં નીચેનામાંથી કઈ મેમરીનો ઉપયોગ થતો જોવા મળે છે ?

(A) PROM (B) EEPROM

(C) RAM (D) ROM

14) નીચેની દશાંશ સંખ્યા 115 નું દ્વિ-અંકી સંખ્યામાં રૂપાંતર કરતાં કઈ સંખ્યા જોવા મળશે ?

(A) 1110111 (B) 1100111

(C) 1110011 (D) 1101111

15) નીચેનામાંથી કયું કાર્ય કર્નલ (Kernal) દ્વારા કરવામાં આવતું નથી ?

(A) પ્રોગ્રામનો અમલ ચાલું કરવો/બંધ કરવો

(B) ડિવાઈસ ડ્રાઈવર લોડ કરવા

(C) A અને B બંને

(D) પ્રાથમિક એકમ ફાઈલનો ડેટા સ્ટોરેજ કરવો

16) કોઈ અગાઉથી ફોર્મેટ કરેલી ફાઈલ સિસ્ટમવાળી ડિસ્કને ફોર્મેટ કરવામાં આવે તો નીચેનામાંથી કઈ અસર થયેલ જોવા મળે છે ?

(A) હયાત ફાઈલ સિસ્ટમનો નાશ થાય છે

(B) તેની જગ્યાએ નવી બ્લેન્ક (Blank) ફાઈલ સિસ્ટમ સ્થાન લે છે.

(C) A અને B બંને

(D) જૂના Data સહિતની ફાઈલો જોવા મળે છે.

17) DVDS માં કઈ ફાઈલ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) FAT

(B) NTFS

(C) ISO 9660

(D) UDF

18) નીચેનામાંથી કયા પ્રકારનાં કમ્પ્યૂટર્સનો ઉપયોગ વૈજ્ઞાનિક ગણતરીઓની જરૂરિયાતવાળા તેમજ મલ્ટિમીડિયા વિનિયોગમાં થાય છે ?

(A) સર્વર કમ્પ્યૂટર્સ (Server Computers)

(B) પર્સનલ કમ્પ્યૂટર્સ (Personal Computers)

(C) મેઈનફ્રેમ કમ્પ્યૂટર્સ (Main Frame Computers)

(D) હાઈ એન્ડ વર્ક સ્ટેશન્સ (High end work stations)

19) GNOME 2 પધ્ધતિમાં સારા હાર્ડવેર અને ગ્રાફિક ક્ષમતા ધરાવતું મશીન હોય તો કયા વિકલ્પનો ઉપયોગ કરી તથા વધારાની અસરોને કાર્યાન્વિત કરી વિન્ડો પરના તમામ કાર્યોમાં 2D અને 3D ની અસરો મેળવી શકાય છે ?

(A) Compiz Window Manager

(B) Configuration Window Map

(C) Configuration Window Mounting

(D) Configuration Window Move

20) એડ્મિનિસ્ટ્રેટર યુઝરમાં કયા કમાન્ડનો ઉપયોગ કરી પ્રોગ્રામનો અમલ કરવામાં આવે ત્યારે અન અધિકૃત ઉપયોગકર્તાના પ્રયત્નોની ચકાસણી કરી શકાય છે ?

(A) sudo
(B) gksudo
(C) A અને B બંને
(D) who

21) ઉબન્ટુની મદદ માટેની કાયદેસર અને સમુદાય સાઈટનાં નીચેનામાંથી કયા ઉદાહરણ છે ?

(A) https://help.ubuntu.org

(B) http://ubuntuforums.com

(C) A અને B બંને

(D) http://askubuntu.com

22) નીચેનામાંથી કયો વિકલ્પ Applications મેનૂનાં Accessories વિભાગમાં જોવા મળતો નથી ?

(A) Disk Usage Analyzer
(B) Tomboy Notes
(C) Take Screenshot
(D) Brasero Disk Burner

23) ઉબન્ટુમાં ટર્મિનલના કયા મેનૂ વિકલ્પ દ્વારા આપણે ટર્મિનલના દેખાવને નિયંત્રિત કરવાની સગવડ મળે છે ?

(A) Edit → Profile Preferences

(B) View → Profile Screen

(C) Edit → Profile Screen

(D) View → Profile Preferences

24) ટર્મિનલમાં સામાન્ય રીતે કમાન્ડ પ્રોમ્પ્ટ અને કમાન્ડને છૂટું પાડવા કયા ચિહ્નનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) @

(B) : (કોલન)

(C) _ (અંડરસ્કોર)

(D) $

25) ઉબન્ટુમાં હાલની ડિરેક્ટરીમાં નવી ડિરેક્ટરી બનાવા માટે કી-બોર્ડ પરથી કઈ કી નો ઉપયોગ કરી શકાય છે ?

(A) Shift + N

(B) Shift + Ctrl + N

(C) Shift + F

(D) Ctrl + N

26) Gedit પ્રોગ્રામમાં અક્ષરોના આકાર, કદ, રંગ બદલવા માટે કયા મેનૂ-વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) View → General → Font / Color / Size

(B) Documents → Font / Color / Size

(C) Search → General → Font / Color / Size

(D) Edit → Preferences

27) ઉબન્ટુમાં Application → Office પર ક્લિક કરતાં નીચેનામાંથી કયા વિકલ્પ જોવા મળે છે ?

(A) Dictionary

(B) Evolution Mail and Calendar

(C) A અને B બંને

(D) Open office.org

28) Writer માં દસ્તાવેજને દર્શાવવા માટે કેટલા પ્રકારનાં દેખાવ (View) જોવા મળે છે ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

29) Writer માં Save Auto Recovery વિકલ્પમાં સામાન્ય રીતે સમયગાળો કેટલા મિનિટનો જોવા મળે છે ?

(A) 15 (B) 10

(C) 20 (D) 30

30) નીચેનામાંથી કયું ટૂલબાર સંદર્ભ સાથે સંવેદનશીલ (context - sensitive) હોય છે, એટલે કે, આ ટૂલબાર પર કયા ટૂલ્સ દર્શાવાશે તેનો આધાર કર્સરનું સ્થાન કયાં છે તેના પર આધારિત છે ?

(A) સ્ટાન્ડર્ડ ટૂલબાર (B) ફોર્મેટિંગ ટૂલબાર

(C) ડ્રોઈંગ ટૂલબાર (D) પિક્ચર ટૂલબાર

31) દસ્તાવેજને દર્શાવવા માટે Writer માં કેટલા પ્રકારના દેખાવ (View) ઉપલબ્ધ છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ

32) નીચેનામાંથી કયા વ્યૂમાં સ્ક્રીન ઉપર ટાઈટલ બાર, મેનૂ બાર અને સ્ટેટસ બાર અદૃશ્ય થઈ જાય છે ?

(A) Print Layout
(B) Web Layout
(C) Full Screen
(D) Zoom

33) જો કી-બોર્ડ પરથી Shift + F8 કી એકસાથે દબાવવામાં આવે તો સ્ટેટસ બારમાં નીચેનામાંથી કયો શબ્દ દર્શાવવામાં આવશે ?

(A) STD
(B) BLK
(C) ADD
(D) OVR

34) ઊભો બ્લૉક બનાવવા માટે, નીચેનામાંથી કઈ શોર્ટકટ કી નો ઉપયોગ થાય છે ?

(A) Alt + Shift + B
(B) Ctrl + B
(C) Shift + F8
(D) Alt + Shift + F8

35) ખોટી જોડણીવાળા શબ્દને Writer નીચેનામાંથી કઈ અસર આપે છે ?

(A) નીચે લાલ રંગની લીટી દોરે છે.
(B) નીચે લીલા રંગની લીટી દોરે છે.
(C) ખોટી જોડણીવાળા શબ્દને ઘાટ્ટા કરે છે.
(D) ખોટી જોડણીવાળા શબ્દને ત્રાંસા કરે છે.

36) આખા દસ્તાવેજમાં ઉપલબ્ધ અક્ષરો અને શબ્દો વગેરેની માહિતી જોવા માટે નીચેનામાંથી કયા મેનૂ વિકલ્પનો ઉપયોગ થાય છે ?

(A) Tools → Word → Word Count
(B) Tools → Properties → Statistics
(C) File → Properties → Statistics
(D) Edit → Properties → Statistics

37) રાઈટર સોફ્ટવેરના દસ્તાવેજમાં નવું કોષ્ટક ઉમેરવા માટે નીચેનામાંથી કયા રસ્તા ઉપલબ્ધ છે ?

(A) Insert → Table
(B) Table → Insert → New
(C) File → New → Table
(D) Ctrl + F12

38) કોઈ એક કોષ્ટકને બે કોષ્ટકમાં વહેંચવામાં (Split) કરવામાં આવે, ત્યારે બીજા કોષ્ટકની શરૂઆતમાં આ 'હેડિંગ રો' ની આપમેળે નકલ થઈ જાય તે માટે Insert Table ના ડાયલૉગ બોક્સમાં નીચેનામાંથી કયા ચેકબોક્સ વિકલ્પને પસંદ કરવો પડે ?

(A) Title Row
(B) Heading Row
(C) Header Row
(D) Heading

39) Table → Autofit ના સબમેનુમાંથી નીચેનામાંથી કયા વિકલ્પનો ઉપયોગ પસંદ કરેલ આડી હારને તેમાં પડેલી વિગત સમાઈ શકે તેટલી સાંકડી કરી દે છે ?

(A) Row Height
(B) Optimal Row Height
(C) Distribute Rows Equally
(D) Narrow Row Height

40) લખાણમાંના કોઈ ચાવીરૂપ શબ્દ માટે વધારાની ટિપ્પણી જો જે-તે પાનાના છેક નીચેના ભાગે છાપવામાં આવે તો તેને શું કહે છે ?

(A) ફૂટનોટ
(B) બોટમનોટ
(C) એન્ડનોટ
(D) પાદટીપ (Footer)

41) ક્રિયા વિભાગ (Tasks Pane) માં નીચેનામાંથી કયો વિભાગ હોય છે ?

(A) Animation area
(B) Designing area
(C) Master Pages
(D) Work area

42) નીચેનામાંથી કયા વ્યૂમાં દરેક સ્લાઈડ થમ્બનેઈલ સ્વરૂપે દર્શાવાય છે ?

(A) Normal View
(B) Outline View
(C) Notes View
(D) Slide Sorter View

43) એક પાનામાં કેટલી સ્લાઈડો છાપવી તે માટેના વિકલ્પોમાં નીચે પૈકી કયો વિકલ્પ ઉપલબ્ધ છે ?

(A) ચાર
(B) પાંચ
(C) સાત
(D) આઠ

44) કમ્પ્યૂટર નેટવર્કમાં ભાગ લેતા દરેક કમ્પ્યૂટરને આપવામાં આવેલો એક પરિચયાત્મક અંકને શું કહે છે ?

(A) ISDN
(B) IP address
(C) URL
(D) URI

45) નીચેનામાંથી કયા વિધાનો સત્ય છે ?

(i) મૉડ્યુલેશન અને ડી-મૉડ્યુલેશન કરી શકનાર સાધનને ટેલિફોન કહે છે.

(ii) DSL (Digital Subscriber Line) સ્થાનિક ટેલિફોન નેટવર્કના વાયર દ્વારા ડિજિટલ વિગતોનું સંચારણ કરે છે.

(iii) કમ્પ્યૂટર નેટવર્કમાં વિગતોને વર્તમાન સ્થાનથી આગળ મોકલતા સાધનને પોર્ટલ કહે છે.

(A) (i), (ii), (iii)
(B) (i), (ii)
(C) (i), (iii)
(D) (ii)

46) IOS (ઈન્ટરનેટ ઓવર સેટેલાઈટ) જોડાણની નમૂનારૂપ સરેરાશ ઝડપ કેટલી હોય છે ?

(A) 492 થી 512 Mbps
(B) 492 થી 512 Kbps
(C) 492 થી 512 Bps
(D) એકપણ નહીં

47) નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(i) ઈ-મેઈલ સરનામું વધુમાં વધુ 255 અક્ષરોનું હોઈ શકે છે.

(ii) ઈ-મેઈલ સરનામામાં "." (પૂર્ણવિરામ), "_"(અન્ડરસ્કોર) અને "-" (હાયફન) નો સમાવેશ થતો નથી.

(iii) ઈ-મેઈલ એડ્રેસમાં દશાંશ ચિહ્ન પછી યૂઝર નેમ લખવામાં આવે છે.

(A) (i), (ii), (iii)
(B) (i), (ii)
(C) (ii), (iii)
(D) (i), (iii)

48) કોણ એવો પ્રોગ્રામ છે, જેનો અમલ કોઈ તાર્કિક શરત પરિપૂર્ણ થાય, ત્યારે કરવામાં આવે છે ?

(A) વાયરસ
(B) ટ્રોજન હૉર્સ
(C) ટ્રેપ ડોર્સ
(D) લૉજીક બોમ્બ

49) મૂળ લખાણને ઉકેલી ન શકાય તેવા સંદેશામાં ફેરવી આપતા કોઈ તર્કને કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) સાઈફર (Cipher)
(B) પ્લેઈન ટેક્સ્ટ (Plain text)
(C) ડી-સાયફરિંગ (Deciphering)
(D) ગુપ્ત (Secret)

50) ઈવોલ્યુશન નીચેનામાંથી શેનું ઉદાહરણ છે ?

(A) વેબસાઈટ (B) વેબબ્રાઉઝર

(C) મેઈલ ક્લાયન્ટ (D) વેબ સર્વર

51) નીચેનામાંથી કઈ HTML નાં <P> ટેગનાં align ગુણધર્મની કિંમત નથી ?

(A) Left (B) Right

(C) Centre (D) એકપણ નહીં

52) નીચેનામાંથી કયું વિધાન HTML માટે સાચું છે ?

(i) HTML કેસ સેન્સિટિવ નથી.

(ii) HTML દસ્તાવેજ મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલું છે.

(iii) HTML માં વેબપેજનું શીર્ષક <H1> એલિમેન્ટ દ્વારા રજૂ કરાય છે.

(A) (i) (ii) (B) (ii) (iii)

(C) (i) (iii) (D) (i) (ii) (iii)

53) નીચેનામાંથી કયું વિધાન HTML ટેગનાં ગુણધર્મ માટે સાચું છે ?

(i) ગુણધર્મો બે ભાગનાં બનેલા હોય છે.

(ii) ગુણધર્મનો પહેલો ભાગ ગુણધર્મ માટે જરૂરી કિંમતનો હોય છે.

(iii) ગુણધર્મનો બીજો ભાગ ગુણધર્મનું નામ હોય છે.

(A) (i) (B) (ii)

(C) (iii) (D) (i) (ii) (iii)

54) નીચેનામાંથી કયું ખાલી ટેગનું ઉદાહરણ છે ?

(A) <IMG> (B)

(C) <A> (D) <Table>

55) HTML માં પીળા રંગ માટે નીચેનામાંથી કયા સોળઅંકી સ્વરૂપનો ઉપયોગ થાય છે ?

(A) FFOOFF (B) FFFFOO

(C) OOFFFF (D) FFOOOO

56) HTML માં ફોન્ટનો પ્રકાર દર્શાવવા માટે <font> ટેગની સાથે કયા ગુણધર્મનો ઉપયોગ થાય છે ?

(A) family (B) type

(C) face (D) name

57) નીચેનામાંથી કયો <IMG> ટેગનો ગુણધર્મ નથી ?

(A) src (B) alt

(C) border (D) size

58) ઈમેજની ચારે બાજુ ખાલી જગ્યા ઉમેરવા માટે <IMG> ટેગનાં કયા ગુણધર્મનો ઉપયોગ થાય છે ?

(A) hspace (B) vspace

(C) (A) અને (B) બંને (D) space

59) HTML માં <Area> ટેગના shape ગુણધર્મની કિંમત તરીકે નીચેનામાંથી કઈ કિંમત લઈ શકાય છે ?

(A) rect
(B) circle
(C) poly
(D) ઉપરનાં તમામ

60) HTML માં યાદીનું મથાળું દર્શાવવા માટે કઈ ટેગનો ઉપયોગ થાય છે ?

(A) <Title>
(B)
(C)
(D) <lh>

61) HTML માં બુલેટ માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(i) HTML માં બુલેટ તરીકે ચોરસ દર્શાવવા <ul type = "square"> ટેગ લખાય છે.

(ii) HTML માં બુલેટ તરીકે ખાલી ગોળ દર્શાવવા <ul type = "DISC"> ટેગ લખાય છે.

(A) (i)
(B) (ii)
(C) (i) (ii)
(D) એકપણ નહીં

62) જ્યારે ઉપયોગમાં લેવાતું બ્રાઉઝર ફ્રેમ સવલતને સમર્થન ન આપતું હોય ત્યારે કઈ HTML ટેગનો ઉપયોગ થાય છે ?

(A) <noframeset>

(B) <noframe>

(C) <frame src = " ">

(D) <noframes>

63) Calc માં નવી સ્પ્રેડશીટમાં પૂર્વનિર્ધારિત રીતે કેટલી શીટ હોય છે ?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) એક

64) Calc માં નીચેનામાંથી કોણ નેવિગેશન ટૂલ તરીકે કામ આપે છે ?

(A) ઝૂમ ટૂલ
(B) સ્ક્રોલ બાર
(C) શીટ ટેબ
(D) સ્ટેટસ બાર

65) Calc સ્પ્રેડશીટમાં સેલની રેન્જ દર્શાવવા માટે શરૂઆતના સેલનું એડ્રેસ અને છેલ્લા સેલનું એડ્રેસ કઈ નિશાનીથી છૂટા પાડીને દર્શાવવામાં આવે છે ?

(A) . (પૂર્ણવિરામ)
(B) : (વિસર્ગ)
(C) ; (અર્ધવિરામ)
(D) , (અલ્પવિરામ)

66) Calc માં સ્પ્રેડશીટ ટેમ્પ્લેટ ફોર્મેટ ફાઈલનું અનુલેખન શું હોય છે ?

(A) .xls
(B) .xlsx
(C) .ots
(D) એકપણ નહીં

67) કેલ્સીમાં વર્કશીટનું નામ બદલવા કયા મેનૂ વિકલ્પનો ઉપયોગ થાય છે ?

(A) Edit → Sheet → Rename

(B) Edit → Worksheet → Rename

(C) Format → Sheet → Rename

(D) Format → Sheet tab → Rename

68) Calc માં કઈ કી નો ઉપયોગ કરવાથી Delete content ડાયલોગ બોક્સ ખૂલશે ?

(A) del

(B) backspace

(C) F2

(D) F5

69) Calc માં પેઈજ બ્રેકને જોવા અને બદલવા માટે કયા મેનૂ-વિકલ્પનો ઉપયોગ થાય છે ?

(A) View → Page Break Preview

(B) View → Normal

(C) File → Page Preview → Format

(D) File → Page Break

70) Calc માં = Trunc (21.562) નું પરિણામ શું મળશે ?

(A) 21.562

(B) 21

(C) 562

(D) –21.562

71) Calc માં = small (1, 5, 10, 8, 11, 3 ; 2) વિધેયનું પરિણામ શું મળશે ?

(A) 5
(B) 11
(C) 1
(D) 3

72) Calc માં if વિધાનમાં પ્રથમ સંકાર્ય બીજા સંકાર્ય બરાબર નથી તે ચકાસવા કયા સંબંધિત પ્રક્રિયકનો ઉપયોગ થાય છે ?

(A) !=
(B) #
(C) <>
(D) NOT

73) Calc માં =Arabic (CXXV) વિધેયનું પરિણામ શું મળશે ?

(A) 125
(B) 1115
(C) 110105
(D) 510101

74) Calc માં =Len (trim("I like computer")) વિધેયનું પરિણામ શું મળશે ?

(A) 15
(B) 22
(C) 13
(D) 20

75) Calc માં નીચેનામાંથી કયા વિધાન આલેખ માટે સાચાં છે ?

(i) આલેખની ફાઈલની નિકાસ xHTML અથવા PDF સ્વરૂપે થઈ શકે છે.

(ii) દસ્તાવેજ સાથે આલેખને જોડી શકાય છે.

(iii) આલેખનું મુદ્રણ કરી શકાય છે.

(A) (i) (ii)
(B) (ii) (iii)
(C) (i) (iii)
(D) (i) (ii) (iii)

76) ચાર્ટનો ડેટા વિસ્તારમાં ઉભી હરોળ (કોલમ) અથવા આડી હરોળ (રો) ને અચળ બનાવવા માટે - નિરપેક્ષ બનાવવા માટે કયું ચિહ્‌ન વપરાય છે ?

(A) •　　(B) &

(C) $　　(D) #

77) નીચેનામાંથી કયો ફ્લોચાર્ટનો ફાયદો છે ?

(i) તે સમસ્યાનો ઉકેલ ચિત્રાત્મક સ્વરૂપે રજૂ કરતો હોવાથી સમજવો ખૂબ સરળ છે.

(ii) ફ્લોચાર્ટમાં અનેક ચિન્હો હોય છે અને આથી પ્રોગ્રામના તર્કમાં કોઈપણ ફેરફાર કરવાથી અનેક સમયે નવો ફ્લોચાર્ટ દોરવાની જરૂર પડે છે.

(iii) સમસ્યાના ઉકેલના પગલાંની સમીક્ષા કરવામાં અને સુધારવામાં પ્રોગ્રામરને સહાયભૂત બને છે.

(A) (i) (ii)　　(B) (ii) (iii)

(C) (i) (iii)　　(D) (i) (ii) (iii)

78) સી ભાષામાં હેડર ફાઈલનું અનુલેખન શું હોય છે ?

(A) .h　　(B) .c

(C) .o　　(D) .b

79) અપૂર્ણાંક અચળોની રજૂઆત વૈજ્ઞાનિક સ્વરૂપે કરવા માટે શેનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) મેન્ટિસા　　(B) એક્સ્પોનન્ટ

(C) (A) અને (B) બંને　　(D) બેક સ્લેશ

80) સી ભાષામાં નીચેનામાંથી શું વ્યાખ્યાયિત કરવા માટે # define પ્રી-પ્રોસેસર ડાયરેક્ટિવનો ઉપયોગ કરી શકાય છે ?

(A) અક્ષર અચળ

(B) સ્ટ્રિંગ અચળ

(C) પૂર્ણાં અચળ

(D) સાંકેતિક અચળ

81) નીચેનામાંથી કયું માન્ય પૂર્ણાંક અચળનું ઉદાહરણ છે ?

(i) O X 79

(ii) O X B5

(iii) O X ,89

(A) (i) (ii)

(B) (ii) (iii)

(C) (i) (iii)

(D) (i) (ii) (iii)

82) સી માં વેરિયેબલમાં int ની આગળ long ઉમેરવાથી ચલ માટે કેટલા બાઈટ મેમરી સ્થાન આરક્ષિત કરવામાં આવે છે ?

(A) 4

(B) 6

(C) 8

(D) 10

83) નીચેના 'C' પ્રોગ્રામનું આઉટપુટ શું આવશે ?

```
# include <stdio.h>
    int main ( )
    {
        int a = 5;
        printf("%d", --a);
        printf ("%d", ++a);
        return 0;
    }
```

(A) 5 5 (B) 4 5

(C) 4 4 (D) 5 4

84) સી માં નીચેનામાંથી કયા પ્રક્રિયકોને એક જ ઓપરેન્ડની જરૂર પડે છે ?

(A) ++ (B) --

(C) (A) અને (B) બંને (D) +=

85) સી ભાષામાં નીચેનામાંથી કયા તાર્કિક પ્રક્રિયકો ઉપલબ્ધ છે ?

(A) && (B) ||

(C) ! (D) ઉપરનાં તમામ

86) સી માં કયો બિટવાઈઝ પ્રક્રિયક આપેલ બિટ જેટલા અંકોને ડાબી બાજુ ખસેડવા માટે થાય છે ?

(A) ^ (B) <<

(C) >> (D) !<

87) નીચેના સી પ્રોગ્રામનું આઉટપૂટ શું આવશે ?

```
# include <stdio.h>
int main ( )
{
    int no = 5689;
    printf ("% 08d", no);
    return 0;
}
```

(A) 5689 (B) 5689

(C) 005689 (D) 00005689

88) નીચેના સી પ્રોગ્રામનું આઉટપૂટ શું આવશે ?

```
# include <stdio.h>
int main ( )
{
    Char str [ ] = "computer lab";
    printf ("% -18.5s", str);
    return 0;
}
```

(A) computer

(B) compu

(C) computer lab

(D) એકપણ નહીં

89) સી માં switch વિધાન કેવા પ્રકારની સરખામણી કરી શકે છે ?

(A) થી વધારે

(B) થી ઓછું

(C) ની બરાબર

(D) ઉપરનાં તમામ

90) સી માં નીચેના પ્રોગ્રામનું આઉટપૂટ શું આવશે ?

```
# include <stdio.h>
int main ( )
{
    int flag = 0;
    if (5 < 8)
        flag = 1;
        printf ("%d", flag);
    return 0;
}
```

(A) 0

(B) 1

(C) error message

(D) એકપણ નહીં

91) જો કોઈ લૂપ સતત ચાલ્યા કરે અને પ્રોગ્રામનું નિયંત્રણ ક્યારેય તેની બહાર આવી ન શકે તો તેવા લૂપને શું કહે છે ?

(A) પૂર્ણ

(B) અનંત

(C) (A) અને (B) બંને

(D) એકપણ નહીં

92) નીચેના સી પ્રોગ્રામનું આઉટપૂટ શું આવશે ?

```
# include <stdio.h>
int main ( )
{
    int a = 1;
    for (a = 5; a < = 5; a++)
    {
        if (a < 6)
          break;
        printf ("%d", a);
    }
    return 0;
}
```

(A) 5
(B) 5 6
(C) 1 2 3 4 5
(D) એકપણ નહીં

93) નીચેના સી પ્રોગ્રામનું આઉટપૂટ શું આવશે ?

```
# include <stdio.h>
int main ( )
{
    int a = 5, b = 6;
    do
    {
        printf ("%d", b);
        a = a+1;
    } while (a < = b);
    return 0;
}
```

(A) 5 6
(B) 6 6
(C) 5
(D) 6

94) નીચેનામાંથી કઈ લૂપમાં લૂપના મુખ્ય ભાગમાં આવેલાં વિધાનોનાં અમલ પહેલાં નિર્ગમ/નિયંત્રણ શરત ચકાસવામાં આવે છે ?

(A) for

(B) while

(C) (A) અને (B) બંને

(D) do ----- while

95) સી પ્રોગ્રામનું આઉટપૂટ શું આવશે ?

```
# include <stdio.h>
int main ( )
{
    char str [ ] = "Hello";
    printf ("%c", str [1]);
    return 0;
}
```

(A) H

(B) e

(C) l

(D) error message

96) નીચેનામાંથી કયું વિધાન સી નાં એરે માટે સાચું છે ?

(i) એરે એક જ ડેટા પ્રકારના ઘટકોનો સમૂહ છે.

(ii) એરેમાં સબસ્ક્રિપ્ટનો ક્રમ શૂન્યથી શરૂ થાય છે.

(iii) સી ભાષામાં એરેની સીમાની ચકાસણીની કોઈ વ્યવસ્થા નથી.

(A) (i) (ii)

(B) (ii) (iii)

(C) (i) (iii)

(D) (i) (ii) (iii)

97) નીચેના પ્રોગ્રામનું પરિણામ શું આવશે તે જણાવો.

```
# include <stdio.h>
void main ()
{
    char str [ ] = "INDIA";
    printf ("%c  c %c", str [2], str [0]);
}
```

(A) ભૂલ સંદેશો દર્શાવશે.

(B) D c I

(C) N c I

(D) D I N

98) નીચેના પ્રોગ્રામનું પરિણામ શું આવશે તે જણાવો.

```
# include <stdio.h>
void draw_line ( );
void main ( )
{
    draw_line ( );
    printf ("Gujarat \n");
    draw_line ( );
}
void draw_line ( )
{
    printf (" = = = = = = = \n");
}
```

(A) ભૂલ સંદેશો દર્શાવશે.

(B)
= = = = = = =
G u j a r a t
= = = = = = =

(C) Gujarat

(D) = = = = = = = Gujarat = = = = = = =

99) નીચેનામાંથી કયું આંતરપ્રસ્થાપિત લાઈબ્રેરી વિધેય છે ?

(A) sum( )
(B) add( )
(C) mul( )
(D) pow( )

100) નીચેના પ્રોગ્રામના અમલ પછી number 2 નામના ચલની કિંમત શું મળશે ?

```
int main ( )
{
    int number1 = 2, number2;
    number2 = sqr (sqr (number1));
    printf ("number2 = %d", number2);
    return0;
}
int sqr (int n)
{
    return (n * n);
}
```

(A) number2 = 4
(B) number2 = 8
(C) number2 = 16
(D) number2 = 6